# શ્રીગુરુમાઈના જન્મદિવસ મહોત્સવના ઉપલક્ષમાં
# ગરિમા બોરવણકર અને વાણી અગ્રવાલ દ્વારા લિખિત કવિતા

*જન્મદિન કી જય, જય! ગુરુમાઈ કી જય, જય!*

તમારા વરદ હસ્ત મારા શીશ પર હોવાથી,
મારું ભાગ્ય ધન્ય થઈ ગયું છે.

આંખોમાં તમારું મનોહર રૂપ વસે છે.
તમારી ઝલક જોતાં જ બધું જીવંત થઈ જાય છે!

અંદર, બહાર, જ્યાં પણ હું ફરું,
મને તમારાં દર્શન થાય છે : બધું તમે જ છો.
મારા આનંદની કોઈ સીમા નથી.

તમે શિખામણ આપી છે :
આપવાથી વધતું જાય છે.
જેટલો વધારે આનંદ હું આપું છું,
તેટલો જ તેનો કોશ વધતો જાય છે.

જે બીજ વાવ્યું હતું, તે વિશાળ વૃક્ષ બની ગયું છે.
વિશ્વ તેનું અમર ફળ ખાઈને આનંદ વિભોર થાય,
અને મુક્ત થઈ જાય.
દરેકને બ્રહ્મની અનમોલ અનુભૂતિ થાય.

*જન્મદિન કી જય, જય! ગુરુમાઈ કી જય, જય!*

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.